## 1. શાંતિ એટલે શું ? શાંતિની વિભાવના સવિસ્તાર સમજાવો.

- પ્રો. ક્વીન્સ રાઈટના મતાનુસાર, ''શાંતિ એ સમાજની એવી અવસ્થા છે, જેમાં આંતરિકરૂપે તેના સભ્યો તથા બાહ્યરૂપે તેના અન્ય સમુદાયો સાથેના સંબંધોમાં વ્યવસ્થા અને ન્યાયનો પ્રભાવ વર્તાતો હોય છે.'' મનુષ્યના અસ્તિત્વ અને વિકાસ માટે શાંતિ ખૂબ જ મહત્ત્વની છે.
- ભારતના સંસ્કૃત સાહિત્યમાં શાંતિમંત્રોનો સમાવેશ કરેલ છે. વ્યક્તિ, સમાજ રાજય (દેશ) અને વિશ્વકક્ષાએ શાંતિની જરૂરિયાત હોવાથી જ પ્રાચીન સમયથી આજદિન સુધી અલગ  અલગ ચિંતકોએ શાંતિ અંગે ચિંતન કર્યું છે. ''શાંતિએ સમાજની એવી અવસ્થા છે, જેમાં આંતરિક રૂપે તેના સભ્યો તથા બાહ્યરૂપે તેના અન્ય સમુદાયો સાથેના સંબંધોમાં વ્યવસ્થા અને ન્યાયનો પ્રભાવ વર્તાતો હોય છે.''
- ભારતીય સંસ્કૃત સાહિત્યમાં માનવ મનની શાંતિ, પૃથ્વી ઉપર શાંતિ, સમૃદ્ધ અને અંતરિક્ષમાં શાંતિ તથા બ્રહ્માંડમાં શાંતિનો વિચાર કરવામાં આવ્યો છે. વૈધિક વિધિઓની શરૂઆત આ શાંતિ મંત્રોથી થાય છે. દેશ અને વિશ્વમાં અલગ  અલગ તત્વચિંતકો, સમાજસુધારકો, કાયદાના અભ્યાસીઓ અને રાજ્યશાસ્ત્રીઓએ પણ શાંતીની સ્થાપના માટે પ્રયત્નો કર્યા છે. શાંતિની વિભાવના સ્પષ્ટ કરવા માટે વિશ્વકક્ષાએ અગ્રીમ ચિંતકોના વિચારો સમજવા પ્રયત્ન કરવા જરૂરી છે.
- શાંતિ અંગેના ગાંધીજીના વિચારો : ભારત અને વિશ્વ શાંતિમાં ગાંધીજીનું ચિંતન અગ્રસ્થાને છે. તેઓએ દરેક પ્રકારના શોષણમાંથી માનવીની મુક્તિને શાંતિની પરિસ્થિતિ તરીકે ઓળખાવી હતી. ગાંધીજીને સર્વોદય સમાજની કલ્પનામાં કોઈનું શોષણ કરતું ન હોય અને શાંતિપૂર્ણ વ્યવસ્થા હશે તેવી વાત કરી હતી. સત્ય અને અહિંસાના પૂજારી એવા ગાંધીજીએ સ્વતંત્રતા દરમ્યાન ચોરી ચૌરા ગામની ઘટનાએ ગાંધીજીને વ્યતિત કરી દીધા અને સત્યાગ્રહને સ્થિગિત કર્યા હતા.
- શાંતિ અંગેના કાર્લ માર્સના વિચારો : કાર્લ માર્ક્સના મતાનુસાર મૂડીપતિઓ અને જમીનદારો તેમની મિલકતની માલિકી. હિંસા વગર છોડશે નહિ. હિંસા દ્વારા જૂની શોષણયુક્ત સમાજ વ્યવસ્થા તોડીને વર્ગવિહીન સમાજરચના સ્થપાશે ત્યારે જ સમાનતા આવશે અને શાંતિ સ્થપાશે. કાર્લ માર્ક્સના વિચારોમાં ધ્યાન આકર્ષક બાબત એ હતી કે શોષણ અટકાવવા માટે ગાંધીજીના અહિંસાના માર્ગથી વિરુદ્ધ તેઓ હિંસાનું સમર્થન કરતા જોવા મળે છે. શાંતિ અંગે વુડ્રો વિલ્સનના વિચારો પ્રથમ વિશ્વયુદ્ધની ભયાનતાના ચિંતનાત્મક ફળશ્રુતિ તરીકે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ વુડો વિલ્સને વિશ્વશાંતિ માટે 14 સૂત્રીય કાર્યક્રમ અને રાષ્ટ્રસંઘની સ્થાપના માટે મહત્વનું યોગદાન આપ્યું. કેટલાક કારણોસર રાષ્ટ્રસંઘની સ્થાપના માટે મહત્ત્વનું યોગદાન આપ્યું. કેટલાક કારણોસર રાષ્ટ્રસંઘ નિષ્ફળ નિવડ્યું અને બીજુ વિશ્વયુદ્ધ શરૂ થયું. વિસ્લનની શાંતિ વિચારણા એ હતી કે વિશ્વના દેશો પરસ્પરના પ્રશ્નો યુદ્ધ દ્વારા નહિ પરંતુ શાંતિપૂર્ણ ચર્ચા વિચારણા દ્વારા ઉકેલે તો જ વિશ્વશાંતિ જાળવી શકાય. તેઓનું સ્વપ્ન 1945માં સ્થપાયેલ સંયુક્તરાષ્ટ્ર સંઘ પૂર્ણ કરી રહ્યું છે.
- શાંતિ અંગે જહોન ગાલ્લંગનાં વિચારો : આધુનિક સમયમાં પ્રો. જહોન ગાર્ગીના વિચારોને શાંતિની સ્થાપના માટેના મહત્વના વિચારી તરીકે અભ્યાસમાં લેવાય છે. તેઓ હિંસાના અભાવને શાંતિપૂર્ણ વ્યવસ્થા તરીકે ઓળખાવે છે. પ્રો. ગાલ્લંગના મતે બે પ્રકારની હિંસા સમાજમાં પ્રવર્તે છે.

  (1) પ્રત્યક્ષ હિંસા : કે જેને નકારાત્મક શાંતિ તરીકે ઓળખાવે છે.

  (2) સમાજગત હિંસા : કે જેને સકારાત્મક શાંતિ તરીકે ઓળખાય છે. શાંતિ અંગેના જુદા  જુદા ચિંતકોના વિચારોના અભ્યાસને આધારે શાંતિના વિચારને કેવી રીતે સાકાર કરવા તે વ્યક્તિગત બાબત છે.

## 2. યુદ્ધને ન્યાયોચિત ઠેરવવા જરૂરી શરતોની સમજૂતી આપો.

- યુદ્ધ ભલે સત્તાધીશો (દેશો વચ્ચે થતા હોય પરંતુ તેની અસર સમગ્ર પ્રદેશનો સમાજ, તેની આર્થિક અને વ્યાપારીક પ્રવૃત્તિઓ પર જોવા મળે છે. યુદ્ધ અને યુદ્ધજન્ય પરિસ્થિતિ માનવજાત અને માનવસંસ્કૃતિ માટે અભિશાપરૂપ સાબિત થાય છે.
- સમયના અલગ  અલગ કાલખંડમાં યુદ્ધો ન થાય તેના ચિંતનો થયેલા જોવા મળે છે. સમ્રાટ અશોક, મહાત્મા ગાંધી, અટલ બિહારી બાજપાય જેવા ભારતીય ચિંતકોના નામ જાણીતા છે. જો યુદ્ધની વિનાશક્તા વિશ્વએ અનુભવી છે, છતાં યુદ્ધને શા માટે ન્યાયોચિત ઠેરવવો ? તેવો પ્રશ્ન માનવસહજ ઉદ્ભવે તે સ્વાભાવિક છે અને આ જ પ્રશ્ન અર્જુન વિષાદ યોગને પણ થયેલ, શ્રીમદ્ ભગવત ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ જણાવે છે. (અને આ માટેના વ્યવહારુ કાર્યો પણ કરેલા છે.) કે પહેલાં તો યુદ્ધ નિવારવા માટે શક્ય તમામ પ્રયત્નો થવા જ જોઈએ અને આધારે જો યુદ્ધને ટાળી શકાય તેમ ન હોય ત્યારે 'અધર્મ'નો નાશ કરવા અને ધર્મની સ્થાપના કરવા યુદ્ધ કરવું તે સાધુ પુરુષ (સભ્ય)નું પરમ કર્તવ્ય છે.
- પ્રાચીન ભારતના બંને મહા કાવ્યો રામાયણ અને મહાભારતમાં યુદ્ધો વિશે વિસ્તૃત વર્ણન છે. ચાણક્ય પણ પોતાના ગ્રંથ કૌટિલ્ય અર્થશરમાં "યુદ્ધ અને સંધિ" બંનેના લાભ સરખા હોય તો સંધિ કરીને શાંતિ સ્વીકારવાની સલાહ આપી છે. ટૂંકમાં યુદ્ધ એ શાંતિ માટેનું અંતિમ શસ્ત્ર છે. 'શાંતિ માટે યુદ્ધ.'
- યુદ્ધને ન્યાયોચિત ઠેરવવા માટેની શરતો : (1) રાજય (રાષ્ટ્ર)ની એક્તા અને અખંડિતતા સામે પડકાર. (2) નાગરિકોના માનવહક સામે મતરો (3) વિશ્વશાંતિને જોખમ (4) ત્રાસવાદી પ્રવૃત્તિ (5) પ્રદેશો ઉપર કબજો.

  (1) રાજય (રાષ્ટ્ર)ની એક્તા અને અખંડિતતા સામે પડકાર : જયારે કોઈ રાજય (રાષ્ટ્ર)ની આંતરિક બાબતોમાં અન્ય કોઈ રાજય (રાષ્ટ્ર) દખલગીરી કરે અને તેના પરિણામે દેશની એક્તા કે અખંડિતતાને જોખમ ઉભુ થતું હોય તો પોતાના રાજય (રાષ્ટ્ર) અને નાગરિકોના સંરક્ષણ માટે યુદ્ધ કરવું અપેક્ષિત બને છે. દા.ત. ભારત સરકારે તેના બે પડોશી રાજયો (રાષ્ટ્રી)માં સર્જીકલ સ્ટ્રાઈક કરી કે જે જમ્મુકશ્મીરનો પ્રશ્નને ચગાવનાર અલગાવવાદીઓને મદદ કરતા હતા.

  (2) નાગરિકોના માનવહક સામે ખતરો : વિશ્વના કેટલાક રાજયો (રાષ્ટ્રો) બીજા રાજયો (રાષ્ટ્રો)ના નાગરિકોના મૌલિક માનવહકો સામે ગંભીર ખતરો ઊભા કરતા હોય છે. વર્તમાન સમયમાં "ઈસ્લામિક સ્ટેટ" સંગઠન દ્વારા સિરિયા અને ઈરાકમાં શરૂ થયેલ હિંસા સામે કે તાલિબાનો સામે યુ.એન.એ. જાહેર કરેલા યુદ્ધ.

  (3) વિશ્વશાંતિને જોખમ : વિશ્વના કેટલાક રાજયો અણુશસ્ત્રોથી સજજ બન્યા છે. ઘાતક શરતો વિકસાવવાની હોડમાં વિશ્વના અન્ય રાજયો (રાષ્ટ્રો) સામે ગંભીર જોખમ । ઊભા થયા છે. વર્તમાન સમયમાં ઉત્તર કોરિયાના તાનાશાહ વારંવાર પોતાની પાસેના યુદ્ધ હથિયારોના પરીક્ષણો કરી વિશ્વની મહાસત્તાઓને ઉશ્કેરે છે. વિશ્વએ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન મિત્ર રાજયો એ કરેલું જર્મની, જાપાન અને ઈટાલી સામેના યુદ્ધોને ન્યાયોચિત ઠેરવ્યા છે. (જો કે આ ન્યાય આજે પણ જાપાનની પેઢીને અનેક શારીરિક ખામીઓ સાથે જીવન જીવવા મજબૂર કરે છે.)

  (4) ત્રાસવાદી પ્રવૃત્તિ : જયારે કોઈ રાજય (રાષ્ટ્ર)ના નાગરિકોના શાંતિમય જીવનને ત્રાસવાદી હુમલા દ્વારા ખતરામાં મૂકે તો અસર પામનાર રાજય (રાષ્ટ્ર) યુદ્ધ જાહેર કરી શકે છે. 11 સપ્ટેમ્બર, 2009ના અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર અને પેન્ટેશન ઉપરના ત્રાસવાદી હુમલાને અમેરિકન પ્રમુખે ત્રાસવાદી વિરુદ્ધના યુદ્ધ તરીકે જાહેર કર્યું.

(5) પ્રદેશો ઉપર કબજો : જયારે કોઈ રાજય (રાષ્ટ્ર) પોતાની વિસ્તારવાદી નીતિના ભાગરૂપે અન્ય કોઈ રાજય (રાષ્ટ્રના) પ્રદેશો પર પોતાનો ગેરકાયદેસર કબજો કરે તો તેની સામે યુદ્ધ કરવું ન્યાયસંગત છે. 1962માં ભારત ચીન વચ્ચે અને 1965માં ભારતપાકિસ્તાન વચ્ચે આ બાબતોને લઈ વિગ્રહ થયો હતો. આજે પણ પાકિસ્તાનને પોતાના પ્રદેશ તરીકે બતાવવાનો હઠાગ્રહ કરે છે તો ચીન અરુણાચલપ્રદેશને પોતાના નક્શામાં દશવિ છે. આ સામે ભારતે આંતરરાષ્ટ્રીય મેચોમાં પોતાના પક્ષો રજૂ કર્યા છે.

3. નિઃશસ્ત્રીકરણ એટલે શું ? શાંતિના સંદર્ભમાં નિઃશસ્ત્રીકરણની ચર્ચા કરો.

- બદલાતા સમયે યુદ્ધો માટેના કારણો અને યુદ્ધો માટેના શસ્ત્રોમાં નોંધપાત્ર પરિવર્તનો લાવ્યા છે. વર્તમાન સમયમાં યુદ્ધ માટે અણુપરમાણુશસ્ત્રો, રાસાયણિક શસ્ત્રો અને જૈવિક શસ્ત્રોનો ઉપયોગ કરવા માટેના પ્રયોગો વધુ પ્રમાણમાં થાય" છે.
- દરેક રાજયો (રાષ્ટ્રો) પોતાની આંતરિક બાબતો અને બાહ્ય સુરક્ષા માટે વિવિધ શસ્ત્રો તૈયાર કરતા હોય છે. પરંતુ કેટલાક શસ્ત્રો સમગ્ર માનવજાત અને આવનારી પેઢી માટે ઘાતક પૂરવાર થાય છે અને તેથી જ વિશ્વ કક્ષાએ નિઃશસ્ત્રીકરણના અભિયાનને વેગ મળ્યો છે. નિઃશસ્ત્રીકરણનો અર્થ : "માનવજાત માટે અતિ હાનિકારક એવા અણુપરમાણુ શસ્ત્રો તથા રાસાયણિક કે જૈવિક શસ્ત્રોને ક્રમશઃ ઘટાડીને છેવટે તેનો નાશ કરવાની પ્રક્રિયા એટલે નિઃશસ્ત્રીકરણ." વૈશ્વિક શાંતિ માટે નિઃશસીકરણ અનિવાર્ય છે.
- વૈશ્વિક સ્તરે નિઃશસ્ત્રીકરણના પ્રયાસો : વિશ્વ કક્ષાએ નિઃશસ્ત્રીકરણ માટે બે વિભાગોમાં પ્રયત્નો થયા છે.

  (1) આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા નિઃશસ્ત્રીકરણના પ્રયાસો : વિશ્વ શાંતિ માટે નિઃશસ્ત્રીકરણનો સૌ પ્રથમ ખ્યાલ 1899 અને ત્યારબાદ 1907માં હેગ પરિષદમાં ચર્ચાયો. હેગ પરિષદમાં આંતરરાષ્ટ્રીય સ્તરે રાજયો  રાજયો (દેશી) વચ્ચેના મતભેદો અને સમસ્યાઓ યુદ્ધ દ્વારા નહિ પરંતુ ચર્ચા વિચારણાથી ઉકેલવા પર ભાર મૂકાયો. રાષ્ટ્રસંઘની સ્થાપના : વિશ્વશાંતિ માટે પ્રયત્નો છતાં 1914માં પ્રથમ વિશ્વયુદ્ધ થયું. આને પરિણામે વિશ્વસ્તરે યુદ્ધને અટકાવવા તથા શાંતિ અને સલામતીની સ્થાપના કરવા યુ.એસ.એ.ના પ્રમુખ વિલનની અધ્યક્ષતામાં રાષ્ટ્રસંઘની સ્થાપના થઈ.
- સંયુકત રાષ્ટ્રસંઘની સ્થાપના : રાષ્ટ્રસંઘના પ્રયત્નો બીજા વિશ્વયુદ્ધને અટકાવી ન શક્યા. પરિણામે 1945માં વિમા બિજા વિશ્વયુદ્ધમાં હોમાયુ. આવી બાબતોનું પુનરાવર્તન થતું અટકાવવા સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી. સંયુક્ત રાષ્ટ્રસંઘના કાર્યો : સંયુક્ત રાષ્ટ્ર સંઘની પ્રથમ બેઠકમાં નિઃશસ્ત્રીકરણ માટે સંપર વિચારણા કરી અણુશક્તિ પંચની રચના કરાઈ. 1959માં યુ. એસ. એ. આર.ના પ્રસ્તાવથી અશુપંચમાં 18 સભ્યો (દેશો) જોડાયા.
- 1962 માં અણુશક્તિપંચે અણુપ્રયોગ અંશતઃરીસ નિયંત્રણ સંધિ અને મિસાઈલોના જથ્થા ઉપર નિયંત્રણ મૂકતી સંધિ કરી . 1970ને સંયુક્ત રાષ્ટ્ર સંઘે "નિશરતીકરણ દાયકા તરીકે ઊજવ્યો. 1975માં ચીને પ્રક્ષેપાસ (મિસાઈલ)ની હરીફાઈ ઘટાડવા પ્રસ્તાવ મુક્યો. ◦1986ને "શાંતિ માટેના ઓનર રાષ્ટ્રીય વર્ષ"ની ઉજવણી કરવામાં આવી.

  (2) રાજયો દ્વારા નિઃશસ્ત્રીકરણ માટેના પ્રયાસોઃ વિશ્વના સમજુ રાજયો (રાષ્ટ્ર) યુદ્ધોની વિનાશક્તાથી માનવજાતને બચાવવા નિઃશસીકરણ માટે આગળ આવ્યા. અલગ  અલગ રાજયો (રાષ્ટ્રો) એ નીચે મુજબ કાર્યો કર્યા છે, યુ.એસ.એ., બ્રિટન અને કેનેડાએ અણુશસ્ત્રોની વિનાશક્તાને ધ્યાનમાં રાખી "યુનાઈટેડ નેશન

કમિશન" ની ઈ.સ. 1945માં સ્થાપના કરી. 1953માં અમેરિકન પ્રમુખ આઈઝન હુવએ "શાંતિ માટે અણુ"ની જાહેરાત કરી. 1972માં યુ.એસ.એ. અને યુ.એસ.એસઆરે મિસાઈલોના ઘટાડા માટે સંધિ કરી. 1974માં અમેરિકા અને સોવિયન સંઘ વચ્ચે ભૂગર્ભ અણુ પરીક્ષણો ઉપર મર્યાદા મૂકતી સંધિ કરી.

- 1981 સુધી યુ.એસ.એસ.આરે 270 જૂના પ્રક્ષેપાસ્ત્રો અને યુ.એસ.એ.52 જેટલા બોમ્બરોના નાશ કરવાનું સ્વીકાર્યું. 1982માં સ્ટાર્ટ અને 1992માં સ્ટાર્ટ2 હેઠળ યુ.એસ.એ. અને યુ.એસ.એસ.આરે ક્રમશ અણુશસ્ત્રોનો ઘટાડો કરવા સંધિ કરી. 1991માં યુ.એસ.એસ.આર.ના વિઘટન સમયે મિખાઈઝ ગોર્બોચોવે અને ત્યારબાદ રશિયાના પ્રમુખ પુતિને રાજયને આર્થિક બેહાલીમાંથી ઉગારવા સ્વેચ્છાએ અણુશસ્ત્રોમાં ઘટાડો કરવાનું નક્કી કર્યું.
- ટૂંકમાં સંયુક્ત રાષ્ટ્ર અને સભ્ય રાષ્ટ્રોની નિઃશસ્ત્રીકરણની પહેલ વૈશ્વિક શાંતિ માટે સકારાત્મક પ્રયત્નો કર્યા છે. પરંતુ, રાજયો (રાષ્ટ્ર) રાજયો વચ્ચેના અવિશ્વાસના વાતાવરણ, ચીનની વિસ્તારવાદી પ્રવૃત્તિઓ, ઉત્તર કોરિયાનો યુદ્ધ ઉન્માદ, ઈસ્લામિક સ્ટેટના સ્વપ્નોએ નિઃશશીકરણીની પ્રક્રિયા પર પુનઃવિચારણા માટે સક્રિય કરે છે. આજની તારીખે વિમાનો કોઈ રાજય (રાષ્ટ્ર) અન્ય રાજયોની અલિપ્ત રહી શક્તો નથી. ઈન્ફર્મેશન ટેકનોલોજી અને વૈશ્વિક વિલેજની પરિકલ્પનાએ વિશ્વ સમાજને વિશ્વશાંતિ તરફ આગળ વધવા માટે મદદ કરી છે.

## 4. વિકાસનો અર્થ આપો અને તેની વિભાવના સમજાવો.

- વિકાસ એટલે માત્ર વૃદ્ધિ નહી, પરંતુ વિકાસ એટલે સતત ચાલતી અને અત્યંત જટિલ પ્રક્રિયા. વિકાસનો અર્થ : વિકાસના અર્થ સમજવા માટે બે મહત્ત્વની બાબતો ધ્યાનમાં રાખવી પડે છે.

  (1)વિકાસનો અર્થ માત્ર આર્થિક વૃદ્ધિ સાથે સંબંધિત નથી, વિકાસ એક જટિલ પ્રક્રિયા છે. જેમાં પર્યાવરણ, ટેકનોલોજી, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક એમ બધાં પાસાઓનો વિચાર કરવામાં આવે છે.

  (2) વિકાસનું કેન્દ્રસ્થાન મનુષ્ય છે. વિકાસની પ્રક્રિયામાં માનવીય જરૂરિયાતો, સાંસ્કૃતિક અસ્મિતા અને સામાજિક તથા ભૌતિક પર્યાવરણમાં થતા ફેરફારોને માનવસંબંધોના સંદર્ભમાં જોવામાં આવે છે. વિકાસનો અર્થ વિકાસશીલ રાજ્યોના પરીપેક્ષમાં 40ના દાયકામાં એશિયા આફ્રિકા અને લેટિન અમેરિકામાં અનેક રાજયો (દેશી) સંસ્થાનોની શાસન પ્રણાલીકાની સ્વતંત્ર પામ્યા. આ નવોદિત રાજયો (દેશો)ને વિકાસશીલ રાજયો (દેશી) તરીકે ઓળખવામાં આવે છે.
- વિકાસની અસ્માનતા : વિકાસશીલ રાજયોની માથાદીઠ આળકમાં 50 % કરતાં વધુ છે. (વિશ્વબેંકના 1974ના અહેવાલ મુજબ) જે આવકારદાયક વિકાસનું નિદર્શન કરે છે. પરંતુ, વિવિધ રાજયો  રાજયો અને રાજયોમાં પણ આર્થિકસામાજિક અસમાનતા જોવા મળે છે. શહેરોમાં છૂટક મજૂરો, અર્ધબેકાર લોકો અને ગ્રામ વિસ્તારના ખેતમજૂરો કે મજૂરોને માટે જરૂરી એવી પાયાની જરૂરિયાતો હજી સુધી પૂરતા પ્રમાણમાં સંતોષી શકાતી નથી. આ સમસ્યાને દૂર કરવાના ઉપાય તરીકે એવા સૂચન કરાય છે કે વિકાસશીલ રાજયોએ પોતાના આર્થિક વિકાસ માટે વિકસિત રાજયોની મૂડી અને વિદેશી રોકાણ કરતી બહુરાષ્ટ્રીય કંપનીઓ, અદ્યતન ટેક્નોલોજી, સંચાલકીય જ્ઞાન, બજાર સેવાની માહિતી, વિશેષ તાલીમ આપીને કુશળ કારીગરો અને કર્મચારીઓના નિર્માણ કરી શકાય છે.
- લોકભાગીદારીઃ સમાજના અંતિમ માનવસમૂહો સુધી વિકાસનો લાભ મળવો જોઈએ અને આ માટે આર્થિક વિકેન્દ્રીકરણ અને લોકભાગીદારી જરૂર છે. સમાજના તમામ સ્તરના લોકોને જાહેર પ્રશ્નોના નિર્ણય ઘડતરમાં ભાગીદારી અપાય તો જ રાજકીય સમાનતા સાથે આર્થિક સમાનતા લાવી શકાય છે. વર્તમાન સમયમાં વિકાસ

સાથે પર્યાવરણની સુરક્ષા પણ થવી જોઈએ તે તરફ પણ ધ્યાન આપવું જરૂરી બન્યું છે. વિકસીત રાજયોએ વિકાસ માટે કુદરતી સ્રોતનો બેફામ દૂરઉપયોગ કર્યો કે જેના પરિણામ સ્વરૂપે કુદરતી સૃષ્ટિમાં અસમતુલા ઊભી થાય છે.

- છેલ્લા દાયકામાં વિકાસને નવા દૃષ્ટિકોણથી સમજવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જેમાં સર્વગ્રાહી વિકાસને આધુનિક વિકાસના મોડેલ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. ''ક્લબ ઓફ રોમ'' નામની આંતરરાષ્ટ્રીય સ્વૈચ્છિક સંસ્થાએ 1972માં ''ધ લિમિટ ટુ ગ્રોથ' નામે વિશ્વના વિકાસની પરિસ્થિતિ અંગે અહેવાલ તૈયાર કર્યો. આ અહેવાલ મુજબ વિકાસ માટે કુદરતી સંપત્તિનો વિનાશ હાલના દરે ચાલુ રહેશે તો આગામી એક્સો. વર્ષમાં પૃથ્વી વિનાશની સીમાએ પહોંચી જશે.
- આ રીપોર્ટ વિશ્વમાં વિકાસ અને પર્યાવરણ અંગે મોટી ચર્ચા જગાડી. જેની નિપજ સર્વગ્રાહી વિકાસના આધુનિક મોડેલ માટેના ચિતનથી શરૂ થયું. જેમાં, પર્યાવરણના ભોગે કોઈ વિકાસ નહી, તમામ લોકોની પાયાની જરૂરિયાત સંતોષાય તથા સમાજ અને રાજયનો આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય વિકાસ થાય તે પરિસ્થિતિને ''સર્વગ્રાહી વિકાસ'' કહેવામાં આવે

### 5. શાંતિ અંગેના ગાંધીજી અને કાર્લ માર્ક્સના વિચારોની તુલના કરો.

- વૈશ્વિક રાજકારણમાં ગાંધીજી અને કાર્લ માર્ક્સ પોતાની વિચારસરણીઓ માટે આજે પણ યાદ કરવા જરૂરી બને છે. ગાંધીજી અને કાર્લમાર્ગ વચ્ચે વૈચારિક તફાવતો હતા. તેઓના વિચારો કે જે ગાંધીવાદ અને માર્ક્સવાદ તરીકે ઓળખાય છે. તેમાં અનેક સમાનતા અને અસમાનતા જોવા મળે છે. શાંતિના પરિપેક્ષમાં આ વિચારકોના વિચારોની તુલના નીચે રીતે કરી શકાય.

  (1) શાંતિનો અર્થ : ગાંધીજીનું શાંતિની સ્થાપના અંગેના ક્ષેત્રમાં અગ્રીમ સ્થાન છે. ગાંધીજીના મતે પ્રત્યેક પ્રકારના શોષણમાંથી માનવીની મુક્તિને શાંતિ તરીકે ઓળખાવી શકાય. જયારે કાર્લ માર્ક્સના મતે એક વ્યક્તિનું બીજી વ્યક્તિ દ્વારા તથા એક રાષ્ટ્રનું બીજા રાષ્ટ્ર દ્વારા શોષણ અટકે અને જે પરિસ્થિતિ સર્જાય તેને શાંતિ કહી શકાય. ટૂંકમાં શાંતિના વિચારોમાં બંને એકબીજાની સાથે જોવા મળે છે. શોષણમાંથી મુક્તિ એટલે શાંતિ ભલે તે મનુષ્ય દ્વારા હોય કે રાષ્ટ્ર દ્વારા.

  (2) શોષણ રહિત સમાજઃ ગાંધીજીના સ્વપ્નના શોષણ રચિત સમાજની રચનામાં કોઈપણ પ્રકારની હિંસાને સ્થાન ન હોતું.જયારે કાર્લ માર્ક્સ શોષણને અટકાવવા માટે જરૂર હોય ત્યાં હિંસાને સમર્થન આપ્યું છે. (3) સમાજમાં શાંતિ : સમાજમાં શાંતિ જળવાય તે માટે ગાંધીજીએ સર્વોદય સમાજની કલ્પના કરી કે જયાં કોઈ કોઈનું શોષણ કરતું ન હોય તેવી શાંતિ પૂર્ણ વ્યવસ્થા હોય. જયારે કાર્લમાર્ક્સ વર્ગવિહિન સમાજરચના મારફતે સમાજમાં શાંતિ સ્થાપવાની વાત ઉચ્ચારે છે.

  (4) આધ્યાત્મિક્તા દ્વારા શાંતિ : ગાંધીજી શાંતિના માર્ગ પર ધર્મની નિર્ણાયક ભૂમિકા અને તેની ઉપયોગીતા પર ભાર મૂકે છે. જયારે માર્ક્સ ધર્મને અફીણ સાથે સરખાવીને માત્ર ભૌતિક અને અને આર્થિક બાબતોને શાંતિ સ્થાપના માટે નિર્ણાયક બને છે તેવી સ્પષ્ટતા કરી.

  (5) શાંતિ પ્રક્રિયામાં હિંસાને સ્થાન : ગાંધીજી સંપૂર્ણ અહિંસક વિચારોમાં માનનાર છે. સ્વતંત્ર સંગ્રામના આંદોલન દરમિયાન ચોરીચૌરા ગામ''ની ઘટના બનતા તેમને સત્યાગ્રહ સ્થગિત કરાવ્યો અને આ કૃત્ય માટે પોતે (વિચારો) જવાબદાર છે. તેમ સ્વીકારી ઉપવાસ પર બેઠા.જયારે કાર્લ માર્ક્સ શોષણયુક્ત સમાજની બેડીઓને તોડવા મૂડીપતિઓ અને જમીનદારોની મિલકતો હિંસાના માર્ગે પણ હાંસલ કરવા આહવાન કરે છે, માર્કે પોતાના

કમ્યુનિસ્ટ મેનિફેસ્ટોમાં જ "Let the Capitalists tremble at the communist Revolution" ''ચાલો સામ્યવાદીઓ ક્રાંતિથી મૂડીવાદીઓને ધ્રુજાવીએ.''

- ટૂંકમાં સમાજ નવરચનાના પોતાના વિચારોમાં પોતાની રીતે વિચારો રજૂ કર્યા અને આ વિચારો કેટલીક પરિસ્થિતિ માટે ઉપયોગી બન્યા છે. છતાં મહાત્મા ગાંધીજીના શાંતિ અંગેના વિચારો કાર્ડ માર્ક્સના વિચારો કરતા અનેક ઘણા શ્રેષ્ઠ પુરવાર થાય છે.માન્મારના આંગણાને સૂકી કે જેઓએ 20 વર્ષ સુધી અહિંસક આંદોલન કરી દેશમાં લોકતંત્રની સ્થાપના કરી. દક્ષિણ આફ્રિકાના લગ્ન મંડેલાએ 27 વર્ષ સુધી જેલમાં રહી ગાંધી ચિંધ્યા માર્ગે દેશમાં ક્રાંતિ લાવ્યા. આજે વિશ્વના અનેક દેશો શાંતિના આદર્શ તરીકે ગાંધીજીના વિચારોને સ્વીકારે છે.

### 6. રાજ્યમાં શાંતિ સ્થાપવા માટેની પૂર્વશરતો જણાવો.

- (1) લોકશાહી વ્યવસ્થા : નાગરિકો પોતાના પ્રશ્નોને સરકાર સામે રજુ કરવા માટે સ્વતંત્ર હોવા જોઈએ, તેઓ પોતાની માંગણીઓ સંતોષવા મુક્ત રીતે રાજકીય ભાગીદારી આપી શકે છે. જરૂર પડે ત્યારે સરકારનો વિરોધ કરી શકતા હોવા જોઈએ.

  (2) માનવ હક્કોની જાળવણી : માનવીને માનવ તરીકે મળતા હકો ભોગવવી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

  (3) કાયદાનું શાસન : કાયદાના શાસનમાં કાયદા સમક્ષ તમામ નાગરિકોને સમાન ગણવામાં આવે છે, કાયદાના ભંગ બદલ કોઈપણ નાગરિકની ધરપકડ કરી તેને ન્યાયતંત્ર સમક્ષ રજુ કરવો જોઈએ.

  (4) સ્વતંત્ર અને તટસ્થ ન્યાય : રાજયએ નાગરીકોને મૂળભૂત અધિકારો આપ્યા છે. આ મૂળભૂત હકોનું રક્ષક લોકશાહીમાં સ્વતંત્ર અને તટસ્થ ન્યાય તંત્ર દ્વારા થાય તે જોવું જરૂરી છે.

  (5) સામાજિક ન્યાય : સમાજમાં વ્યક્તિ માત્રનું ગૌરવ જળવાય, કોઈના તરફથી અસમાનતા ભય વ્યવહારો ન સર્જાય તે જરૂરી છે.

  (6) વિકાસમાં સૌની ભાગીદારી : રાજયના અને સમાજના વિકાસના ફળ સામાન્ય વ્યક્તિને મળે તે જરૂરી છે.

  (7) સલામતી : રાજય અને સમાજ નાગરિકો અને વ્યક્તિની સલામતી જળવાય તેવી પરિસ્થિતિ પૂરી પાડે, આમ થવાથી નાગરિક અને વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થશે.

  (8) યુદ્ધને સ્થાને ચર્ચા દ્વારા આંતરરાષ્ટ્રીય પ્રશ્નોના ઉકેલ : યુએન આજે શાંતિપૂર્વક રીતે વિવિધ પ્રશ્નોનો ઉકેલ આવે તે માટે આંતરરાષ્ટ્રીય શાંતિ મંચનો પૂરો પાડે છે. જેથી યુદ્ધને બદલે શાંતિ સ્થપાય તેવા પ્રયત્નો થવા જોઈએ.

  (9) સ્વતંત્ર અને તટસ્થ સંચાર માધ્યમો : રાજય, દેશ અને વિશ્વમાં શાંતિ સ્થપાય તે માટે સંચાર માધ્યમો નીડરતાથી, તટસ્યાથી કોઈ ઘટનાનું મૂલ્યાંકન કરીને સમસ્યાઓને પ્રકાશિત પ્રસારિત કરે તો ચોક્કસ શાંતિ સ્થાપી શકે છે.